



## ઘરમાં આકર્ષણનું કેન્દ્રબિંદુ

# મોડર્ન ટીવી યુનિટ્સ

કોઈ પણ ઘરના આકર્ષણનું કેન્દ્રબિંદુ તેના લીવીંગ રૂમનું ટીવી યુનિટ હોય છે. પહેલાં તે ફક્ત ટીવી લગાડવા માટેની એક દીવાલ જ ગણાતી હતી પરંતુ હવે તે આખા ઘરનો દેખાવ બદલવામાં, તેને સુન્દર અને આકર્ષક લુક આપવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ટીવી યુનિટનું સ્થાન મોડર્ન ઘરની ડીઝાઈનમાં આગવું હોય છે તેથી ટીવી યુનિટ્સ તો આકર્ષક જ હોવાં જોઈએ. તો ચાલો જોઈએ, કેટલાંક આકર્ષક મોડર્ન ટીવી યુનિટ ડીઝાઈન્સ ....

## સ્કેન્ડીનેવિયન સ્લેટેડ

આ ડીઝાઈનમાં લાઈટ ટોન્સ અને હળવા રંગોનો સમાવેશ કરવામાં આવે છે. જગ્યાને વધારે પડતી ભરચક બનાવ્યા વગર સ્કેન્ડીનેવિયન સ્લેટેડ યુનિટ તેને ઉષ્માભરી બનાવે છે. આ પ્રકારના ટીવી યુનિટ ન્યૂટ્રલ દીવાલો અને ઓછામાં ઓછા ફર્નીચરવાળાં ઘરોમાં જેમ કે ભારતીય એપાર્ટમેન્ટમાં શ્રેષ્ઠ લાગે છે.



## કમાનવાળા માળખા

મોડર્ન ઈન્ટીરિયર ડીઝાઈન્સમાં કમાનવાળાં માળખાં ઘણાં લોકપ્રિય થઈ રહ્યાં છે. ટીવી એરિયાની આસપાસ બનાવેલા વળાંકો સીધી રેખાની એકવિધતા દૂર કરે છે. ઘણી વાર સૂક્ષ્મ લાઈટનીંગ અને ન્યૂટ્રલ ટોન સાથે બનાવવામાં આવેલા આ ટીવી યુનિટ્સ લીવીંગ રૂમને ભવ્યતા આપે છે અને ખાસ પ્રકારે ડીઝાઈન કરેલ હોય તેવી અનુભૂતિ કરાવે છે.

## સ્કલ્પટેડ ફીચર વોલ



લેયર્ડ મટીરિયલ્સ અને જીઓમેટ્રીક પેનલ્સ કે થ્રી ડાયમેન્શનલ ટેક્સચર દ્વારા બોલ્ડ લુક આપવા માટે આ પ્રકારની ડીઝાઈન ઘણી ઉપયોગી છે. આ પ્રકારની વોલ ડીઝાઈન બનાવવા માટે મોટાભાગે માર્બલ, વેનીયર્સ અને લેકર્ડ ફીનીશ જેવી સામગ્રીનો ઉપયોગ થાય છે. લીવીંગ રૂમ જો વધારે સ્પેસ ધરાવતું હોય તો તેમાં સ્કલ્પટેડ ફીચર વોલ બનાવી શકાય. મોટાં ઘરોમાં તે સ્ટેટસ સિમ્બલ તરીકે કામ કરે છે.

## જાપાન્ડી સ્લેટેડ

તે જાપાની મીનીમાલીઝમ અને સ્કેન્ડીનેવિયનની કાર્યક્ષમતાનું શ્રેષ્ઠ મિશ્રણ છે. જાપાન્ડી સ્લેટેડમાં ન્યૂટ્રલ વુડન ટોન્સ અને ક્લીન લાઈન્સ હોય છે. ઊભી લાકડાની સ્લેટસ યુનીટને એક ટેક્સચર અને શાંત અને સરળ રચનાત્મકતા બક્ષે છે. જેમને ગુંચવાડાભરી ડીઝાઈન પસંદ નથી હોતી તેમના માટે આ આદર્શ ચોઈસ છે.

## વુડન જાળી

પારંપરિક ભારતીય કારીગરીથી પ્રેરિત લાકડાની જાળીવાળી ડીઝાઈન મોડર્ન ઈન્ટીરિયર ડીઝાઈનીંગમાં સાંસ્કૃતિક સ્પર્શ લાવે છે. જટિલ કોતરણીવાળી આ પેનલો ફક્ત દેખાવમાં જ આકર્ષક લગતી નથી પરંતુ તે વેન્ટીલેશનની સુવિધા પણ આપે છે. કન્ટેમ્પરરી ડીઝાઈન્સ સાથે તેનું સંયોજન કરવામાં આવે ત્યારે તે એક અનોખું અને આકર્ષક ટીવી યુનિટ બની જાય છે.

## સ્લેટ ફ્રેમ

આખી દીવાલને ઢાંકવાને બદલે ટીવીને એક કલાકૃતિ તરીકે દર્શાવવા માટે સ્લેટ ફ્રેમનો ઉપયોગ થાય છે. તે વધારે સ્પેસ રોકતી નથી અને એટલે ટીવી સ્ક્રીન તેમાં મહત્ત્વનું બની જાય છે. ફ્રેમીંગ ઈફેક્ટ માળખાનો અને એકરાગિતાનો ઉમેરો કરે છે જે સેટ અપને સ્વચ્છ અને સુંદર બનાવે છે.

## મીનીમલ લાઈનર સ્ટેટમેન્ટ

જેમને સાદગી પસંદ છે તે લોકો માટે આ ડીઝાઈન સીધી રેખા, સીમલેસ ફીનીશ અને ગૂંચવાડા વગરની સપાટી ઉપલબ્ધ કરાવે છે. તેમાં ઘણી વાર ફ્લોટિંગ કેબિનેટ અને છુપાયેલા સ્ટોરેજનો સમાવેશ પણ થઈ શકે છે. આખરે તે એક આકર્ષક, કાલાતીત દેખાવ ઊભો કરે છે જે દરેક સમયમાં સુસંગત રીતે બેસે છે અને સાથે સાથે લીવીંગ રૂમને સુઘડ અને રચનાત્મક દર્શાવે છે.

## ફ્લુટેડ પેનલ



ઊભી રેખાવાળી ડીઝાઈનની ફ્લુટેડ પેનલો વધારે પડતા પ્રભાવશાળી બન્યા વિના ટેક્સચરનો ઉમેરો કરે છે. તે આધુનિક મીનીમાલીસ્ટ ઘરો માટે યોગ્ય છે. લાકડાં, પેઈન્ટ અને લેમિનેટ ફીનીશમાં ઉપલબ્ધ આ ફ્લુટેડ પેનલ્સ એક શુદ્ધ પૃષ્ઠભૂમિ બનાવે છે જે ટીવી અને એકંદરે સજાવટ બન્નેમાં ઉમેરો કરે છે.

## યાદ રાખવા જેવી કેટલીક સ્માર્ટ ડીઝાઈન ટીપ્સ

» સારી રીતે ડીઝાઇન કરેલું ટીવી યુનિટ ફક્ત સૌંદર્ય પર જ ધ્યાન આપતું નથી પરંતુ કાર્યક્ષમતા પણ આપે છે.
» સ્વચ્છ અને પોલીશ્ડ દેખાવ જાળવવા માટે બધા વાયર છુપાવી દો અને સ્પેશિયસ અને ફ્લોટિંગ ઈફેક્ટ બતાવવા માટે યુનિટને દીવાલ પર લગાવો.
» માહોલને પ્રભાવશાળી બનાવવા માટે અને આંખોને જોવામાં તકલીફ ન પડે તે માટે બેકગ્રાઉન્ડમાં હળવી લાઈટીંગનો ઉપયોગ કરો.
» એક સુમેળ બનાવવવા માટે દરવાજા, છત અને અન્ય ફર્નિચર સાથે યુનિટનું ફીનીશ મેચ કરો. ગેજેટ્સ મૂકવા માટે ડ્રોઅર્સ અને સજાવટ માટેના ખુલ્લા ખાનાનો પણ સમાવેશ કરો.